**ગુજરાત સરકાર**
**અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ**
**(અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯**
**(સને ૧૯૮૯નો ૩૩મો)**
**નિયામક**
**સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય,**
ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૪, ત્રીજે માળ,
ગાંધીનગર.

**આમુખ**

સને ૧૯૯૦-૯૧નુંવર્ષ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જન્મશતાબ્દી વર્ષ ""સામાજિક ન્યાય વર્ષ" તરીકે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉજવાઇ રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા તા. ૩૦-૧-૧૯૯૦થી અનુસૂચત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ને અમલમાં લાવીને રાષ્ટ્રના ૧૫.૬૩ કરોડ પદદલિત એવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના લોકોના હક્કોનું રક્ષણ કરવાની સાથે સામાજિક ન્યાય અપાવવાની દિશામાં એક ઉત્તમ પગલું બની રહ્યું છે."અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અભિનિયમ ૧૯૮૯નું અધિકૃત ભાષાંતર થયેલ નથી. પરંતુ ગુજરાત સરકારના કાયદા વિભાગ દ્વારા ભાષાંતર કરવામાં આવેલ છે. જેથી રાજ્યની છેલ્લે વસતી વ્યક્તિ પણ આ અધિનિયમને સહેલાઇથી સમજી શકે ઉપરાંત અમલીકરણ અધિકારીઓ, પદાધિકારીઓ લોકસેવકોને પણ નબળા વર્ગોના માનવ અધિકારો રક્ષવામાં સહાયભૂત નિવડશે."

આ પુસ્તિકામાં આ કાયદાનો ખરડો ભારતની સંસદમાં રજૂ થયેલ તે વખતે તે સાથે, કાયદાના ઉદેશો અને મુખ્ય લક્ષણો પણ રજૂ કરવામાં આવેલ તેનું પણ ગુજરાતી ભાષામાં ભાષાંતર કરી આ પુસ્તકમાં સમાવેશ કરેલ છે કે જેથી કાયદાનું હાર્દ વધારે સારી રીતે લોકો સુધી પહોંચાડી શકાય.આશા છે કે, આ પુસ્તિકા અનુસૂચિત જાતિ અને અનુ. જનજાતિની વ્યક્તિઓને માનવ અધિકારોને રક્ષવામાં માનવીય ગૌરવની પ્રતિષ્ઠ સ્થાપનમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે ઉપકારી બનશે. આ અંગેના આપના સૂચનો મળશે તો અત્યંત આનંદ થશે.

**પી. કે. વાલેરા**
**(આઇ.એ.એસ.)**
**નિયામક**
સમાજકલ્યાણ ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ગાંધીનગર

તા. ૨૫-૧૨-૧૯૯૦

**અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ના ઉદ્દેશો અને મુખ્ય લક્ષણો**

**(૧) ઉદ્દેશો અને કારણો –**

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની સામાજિક આર્થિક સ્થિતિ સુધારવા અનેક પગલાં લેવાયેલા હોવા છતાં તેઓ સહાયપાત્ર રહયા છે. તેમને સંખ્યાબંધ નાગરિક હક્કો નકારાય છે. તેમને અનેક ગુના/અપમાનો, અનાદર અને કનડગત ભોગવવી પડે છે. ક્રુર બનાવોમાં તેઓને તેમની જિંદગીથી અને મિલકતોથી વંચિત કરવામાં આવે છે. અનેકવિધ ઐતિહાસિક સામાજિક અને આર્થિક કારણોસર તેમની સાથે ગંભીર અપરાધો કરવામાં આવે છે. શિક્ષણ વગેરેના પ્રસારથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓમાં જાગૃતિ પેદા થતાં, તેઓ તેમના હક્કોનો દાવો કરવા પ્રયત્ન કરે છે ત્યારે બીજા આ બાબત સાંખી લેતા નથી. તેઓ તેમના હક્કોનો દાવો કરે તથા તેમની સામે રખાતી અસ્પૃશ્યતાનો પ્રતિકાર કરે અથવા કાયદેસર લઘુત્તમ વેતનની માંગણી કરે અથવા વેઠપ્રથા અને બળજબરીથી કરાવાતી મજુરી કરવાની ના પાડે ત્યારે સ્થાપિત હિતો તેઓને કચડી નાંખે છે અને તેમના ઉપર જુલમ ગુજારે છે. અનુસૂચિત જાતિ અંગે અને અનુસૂચિત આદિજાતિઓ જયારે તેમનું સ્વમાન અથવા તેમની સ્ત્રીઓનો મોભો જાળવવા પ્રયત્ન કરે છે, ત્યારે તેઓ વર્ચસ્વવાળાઓ અને સાધનસંપન્નો માટે ક્ષોભકારક બને છે. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ સરકાર દ્વારા ફાળવેલ જમીનનો ભોગવટો અને ખેતી કામ કરે છે તે પણ માઠું લાગતા સ્થાપિત હિતો દ્વારા ઘણીવાર વધુ આ લોકો હુમલાનો ભોગ બને છે. કેટલાક સમયથી અનુસૂચિત જાતિની વ્યક્તિઓને અખાદ્ય વસ્તુઓ જેવી કે માનવ મળમૂત્ર ખવડાવવી કે નિરાધાર અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓની સામૂહિક હત્યા કરવી અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રીઓ ઉપર બળાત્કાર કરવા જેવા ચોક્કસ અત્યાચારો આચરવાનું તોફાની વલણ વધેલ છે. આ સંજોગોમાં નાગરિક હક્ક રક્ષણ અધિનિયમ, ૧૯૫૫ અને ભારતીય દંડ સંહિતા જેવા પ્રવર્તમાન કાયદાઓની સામાન્ય જોગવાઇઓ આવા ગુના થતા અટકાવવા અપૂરતી જણાઇ છે. આથી તેમની સામે બિન અનુસૂચિત જાતિઓ અને બિન અનુસૂચિત આદિજાતિઓ દ્વારા આચરવામાં આવતા ગુના ઉપર અંકુશ રાખવા અને રોકવા માટે વિશેષ કાયદો જરૂરી બને છે.

**(૨) મુખ્ય લક્ષણો –**

આ કાયદો મૂળભૂત રીતે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ પર બિન-અનુસૂચિત જાતિઓ અને બિન અનુસૂચિત આદિજાતિઓના સભ્યો દ્વારા આચરવામાં આવતા અત્યાચારો રોકવા માટે છે. આ કાયદાના હેતુ માટે અને અત્યાચારોના આચરણ બદલ શિક્ષા માટે આ કાયદાની કલમ-૩ આવા અત્યાચારોના ગુનાઓની યાદીનો ચોક્કસ નિર્દેશ કરે છે. અત્યાચારો તરીકે સમાવિષ્ટ વ્યવહારો જેવા કે,

1. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને અખાદ્ય અથવા ત્રાસદાયક પદાર્થ પીવા અથવા ખાવા માટે જબરદસ્તી કરવી.
2. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને મળમૂત્ર, નકામી વસ્તુઓ, પ્રાણી કે પક્ષીઓના મૃતદેહ અથવા ત્રાસદાયક પદાર્થ તેના મકાન કે આસપાસની જમીન કે તેના લત્તામાં ફેંકીને ઇજા, અપમાન અથવા કનડગત કરવી તે ઉદ્દેશથી વર્તવું.
3. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યના શરીર પરથી જબરદસ્તીથી કપડાં ઉતારવા અથવા નગ્ન કરીને પ્રદર્શન કરાવવું અથવા ચહેરો કે શરીર રંગવું અથવા માનવ ગૌરવને હિણપત લગાડનારૂં હોય તેવા અન્ય કૃત્યો કરવા.
4. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને ફાળવવાની હોય તેવી સક્ષમ અધિકારીએ નિર્દિષ્ટ કરેલ અથવા તેને ફાળવેલ અથવા તેની માલિકીની જમીનનો અનઅધિકૃત રીતે કબજો લેવો અથવા ખેતી કામ કરવું અથવા ફાળવેલી જમીનની તબદીલી કરવી.
5. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યની જમીન અથવા મકાન ખોટી રીતે છીનવી લેવું અથવા કોઇ જમીન, મકાન અથવા પાણી ઉપરના તેના હક્ક ભોગવવામાં હસ્તક્ષેપ કરવો.
6. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને સરકારે નિ^તિ કરેલ જાહેર હેતુઓ માટેની કોઇ ફરજીયાત સેવા સિવાય વેઠ અથવા તેવા પ્રકારની બીજી બળજબરીપૂર્વકની કે બંધનયુકત મજૂરી કરવાની ફરજ પાડે અથવા લલચાવે.
7. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને કોઇ ઉમેદવારને મત ન આપવા અથવા મત આપવા અથવા કાયદાથી પ્રસ્થાપિત સિવાયની અન્ય રીતે મત આપવા જબરદસ્તી કરવી અથવા ધાકધમકી આપવી.
8. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્ય વિરૂદ્ધ ખોટી દ્વેષપૂર્ણ અથવા કષ્ટદાયક દાવો અથવા ફોજદારી અથવા બીજી કાનૂની કાર્યવાહી કરવી.
9. ઇજા કરવા અથવા કનડગત કરવા ખોટી અથવા વ્યર્થ માહિતી જાહેર સેવકને આપવી જેને કારણે આવા જાહેરસેવકને તેની કાયદેસર સત્તાનો ઉપયોગ કરવા અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને ઇજા કરવા અથવા કનડગત કરવા માટે કારણ માને.
10. કોઇ સ્થળે જાહેર જનતાની નજરે અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યનું ઇરાદાપૂર્વક અપમાન કરવું અથવા તેને માનભંગ કરવાના ઇરાદાથી ધમકાવવો.
11. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિની કોઇ સ્ત્રીને બદનામ કરવા અથવા તેના શીલ ઉપર બળાત્કાર કરવાના ઇરાદાથી હુમલો કરવો અથવા બળ વાપરવું.

12. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિની કોઇ સ્ત્રીની ઇચ્છાશક્તિ ઉપર વર્ચસ્વ ધરાવતું પદ ધરાવતા હોય અને તે અન્ય રીતે સહમત ન હોવા છતાંય તેનું જાતીય શોષણ કરવા આવા પદનો ઉપયોગ કરવો.

13. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યો કોઇ ઝરા અથવા જળાશય અથવા અન્ય કોઇ સ્ત્રોતના પાણીનો સામાન્ય રીતે ઉપયોગ કરતા હોય તેને સામાન્ય રીતે જે હેતુઓ માટે ઉપયોગ થતો હોય તે ન થઇ શકે તે રીતે તેને ભ્રષ્ટ કરવું અથવા ગંદુ કરવું.

14. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને જાહેર સ્થળે જવાના રસ્તાના પરંપરાગત હક્કને નકારવા અથવા આવા સભ્યને જાહેર સ્થળે જાહેર જનતા જે રીતે ઉપયોગ કરતી હોય અથવા પ્રવેશ કરતી હોય તે રીતે ઉપયોગ કરવા અથવા પ્રવેશ કરતી હોય તે રીતે ઉપયોગ કરવા અથવા પ્રવેશ કરતી અટકે તે રીતે અડચણ કરવી.

15. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને તેનું ઘર, ગામ અથવા અન્ય રહેઠાણનું સ્થળ છોડવા જબરદસ્તી કરવી અથવા કાર્ય કરવું.

કલમ-૩નો ખંડ (૨) ખોટા પુરાવા ઉપજાવી કાઢવા, તોફાન અથવા સ્ફોટક પદાર્થ દ્વારા આગ, પુરાવા સાથે હસ્તક્ષેપ તથા અન્ય બાબતો તથા આ બધા અત્યાચાર સંબંધી ગુનાઓનો ઉલ્લેખ કરે છે.

## (૩) અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિઓની મિલકત સંબંધમાં અત્યાચારો –

અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિઓ પર અત્યાચારોનો આધાર ઘણીવાર મિલકત પણ છે. આને કારણે મિલકતનો ખોટી રીતે નિકાલ કરવો એ આ કાયદા હેઠળ અત્યાચાર છે. ધાક બેસે તે બાબત ધ્યાનમાં લઇને દોષિત ઠરતાં જે સજા કરવામાં આવે તે ઉપરાંત દોષિત વ્યક્તિની સ્થાવર અને જંગમ મિલકત કે જેનો ગુનામાં ઉપયોગ થયો હોય તે જપ્ત થવાને પાત્ર થશે તેવી જોગવાઇ આ કાયદામાં કરી છે. બિન અનુસૂચિત જાતિઓ અને બિન અનુસૂચિત આદિજાતિઓ દ્વારા ભારતીય દંડ સંહિતા હેઠળના મિલકત અને વ્યક્તિઓ સંબંધી ગુના જે માટે ૧૦ વર્ષ અથવા તેની વધુ કેદની સજા નિયત કરી છે. તેવા ગુના અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યો હોવાના કારણોસર ભોગ બનાવવામાં આવે તો તેનો પણ આ કાયદા હેઠળ અત્યાચારો તરીકે સમાવેશ થાય છે.

## (૪) અનુસૂચિત આદિજાતિઓ સંબંધી ખાસ જોગવાઇઓ –

અનુસૂચિત વિસ્તાર અથવા આદિજાતિ વિસ્તારોમાં વસતી અનુસૂચિત આદિજાતિઓ અનૈતિક વ્યક્તિઓનો ભોગ બને છે અને આવી વ્યક્તિઓ તેમને ઘણીવાર નુકશાન પહોંચાડે છે. સંવિધાનની કલમ ૧૯(૧)માં જણાવેલ અનુસૂચિત આદિજાતિઓના હિતોના રક્ષણ માટે સંવિધાનની કલમ ૧૯(૫) સરકારને અનિર્બંધ ઉપયોગ ઉપર વાજબી અંકુશો મુકવા પરવાનગી આપે છે. આથી આ કાયદામાં

અનુસૂચિત અથવા આદિજાતિ વિસ્તારોમાં અનુસૂચિત આદિજાતિના સભ્ય સામે આ કાયદા હેઠળ નિર્દિષ્ટ કરેલ અત્યાચાર કરવાનો સંભવ હોય તેવી વ્યક્તિને તે વિસ્તારમાંથી બે વર્ષ સુધીની મુદત માટે હદપાર કરવાની જોગવાઇ છે.

## (૫) કાયદાની અન્ય વિશિષ્ટતાઓ –

**કાયદાની અન્ય નોંધપાત્ર જોગવાઇઓ–**

1. આ કાયદા હેઠળના ગુનાઓની ઝડપી અદાલતી કાર્યવાહી માટે રાજ્ય સરકાર દરેક જિલ્લા માટે સેસન્સ અદાલતને ખાસ અદાલત બનાવશે.
2. દરેક ખાસ અદાલત માટે રાજ્ય સરકાર અલગ સરકારી ફોજદારી વકીલ નિર્દિષ્ટ કરશે અથવા સરકારી ફોજદારી વકીલ તરીકે સાત વર્ષથી ઓછા ન હોય તેટલા સમયથી વ્યવસાય કરતા હોય તેવા વકીલને આ અદાલતમાં કેસો ચલાવવા ખાસ ફોજદારી વકીલ તરીકે નીમશે.
3. આ કાયદા હેઠળ ગુનો કરનાર વ્યક્તિ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૩૮નો આધાર લઇ શકશે નહી એટલે કે જામીન ઉપર છુટવાની પરવાનગી મળશે નહીં.
4. આ કાયદા હેઠળ ગુનાઓમાં દોષિત ઠરેલી વ્યક્તિઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૬૦ અથવા ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ લાગુ પડશે નહીં.
5. જે વિસ્તારમાં તે વિસ્તારના રહીશો અત્યાચાર/ગુન્હામાં સંડોવાયેલા હોય અથવા ગુનામાં મદદગારી કરતા હોય તેવા રહીશો ઉપર સામૂહિક દંડ નાખવાની રાજ્ય સરકાને સત્તા આપેલી છે.
6. રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર રાજપત્રમાં જાહેરનામાથી રાજ્ય સરકારના કોઇ અધિકારીને પોલીસ અધિકારી દ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતા હેઠળ ઉપયોગ કરી શકાય જેવી કે,

   ધરપકડ કરવાની, અન્વેષણ અને ખાસ અદાલત સમક્ષ વ્યક્તિઓનો મુકદમો ચલાવવા જેવી સત્તાઓ આપી શકશે.
7. રાજ્યનું કાયદો અને વ્યવસ્થાતંત્ર અત્યાચારની અસરોવાળા વિસ્તારો તરીકે વિસ્તાર જાહેર કરશે અથવા તે વિસ્તારમાં અત્યાચારો રોકવા યોગ્ય અટકાયતી પગલાં લેશે.
8. ભારતીય દંડ સંહિતાની કેટલીક જોગવાઇ હેઠળ ગુનાહીત કાવતરૂ ગેરકાયદેસર મંડળી જેવા ગુના કરવાની કોશીશ કરવા સંબંધી ગુનાઓને આ અધિનિયમ આપોઆપ લાગુ પડશે.
9. અધિનિયમની કલમ-૮માં અદાલતી કામ ચલાવવાની સરળતા માટે કેટલાક ચોક્કસ સંજોગોમાં અનુમાનો કરી શકાશે તેવો નિર્દેશ છે.
10. આ કાયદાના અમલના હેતુઓ માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની શાંતિ રાખવા માટેની અને સારી ચાલચલગત અને જાહેર વ્યવસ્થા અને સુલેહ શાંતિની જાળવણી માટેની બાબતોને લગતી જોગવાઇઓ આપોઆપ લાગુ પડે છે.

## (૬) અધિનિયમ હેઠળ ઘડાનાર યોજનાઓ –

આ કાયદાના અસરકારક અમલ માટે રાજ્ય સરકાર કેટલાક પગલાં લેશે. તેમાં નીચેનાનો સમાવેશ થશે.

1. અત્યાચારને આધીન વ્યક્તિઓ તેઓ જાતે ન્યાય મેળવવા શક્તિમાન બને તે માટે કાનૂની સહાય સહિત પૂરતી સગવડ માટે જોગવાઇ કરવી.
2. ગુનાઓની તપાસ તથા અદાલતી કાર્યવાહી દરમ્યાન સાક્ષીઓ અને અત્યાચારોનો ભોગ બનેલાઓ સહિત પ્રવાસ અને નિભાવ ખર્ચ માટે જોગવાઇ કરવી.
3. અત્યાચારનો ભોગ બનેલાઓના આર્થિક અને સામાજિક પુનઃસ્થાપન માટે જોગવાઇ કરવી.
4. કાનૂની કાર્યવાહી શરૂ કરાવવા અથવા તેમને અમલ કરાવવા તથા જોગવાઇઓની વિસંગતિ પર દેખરેખ રાખવા અધિકારીઓની નિમણૂંક કરવી.
5. આ પગલાઓ લેવા અથવા તેનો અમલ કરવામાં રાજ્ય સરકારને મદદ કરે તે માટે રાજ્ય સરકારને અનુકૂળ લાગે તેવી યોગ્ય કક્ષાની સમિતિઓની રચના કરવી.
6. જોગવાઇઓના વધુ સારા અમલ માટે પગલાં સૂચવવા જોગવાઇઓની પ્રક્રિયાની સામયિક મોજણી માટે જોગવાઇ કરવી.
7. જે વિસ્તારોમાં અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યો અત્યાચારને આધીન છે આવા સભ્યોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને તે માટે પગલાં લેવા તેવા વિસ્તારો અલગ તારવવા.

## (૭) કેન્દ્ર સરકારનાં કાર્યો

રાજ્ય સરકાર આ બધી બાબતો અંગે યોગ્ય યોજનાઓ કરશે. ઉપરાંત કલમ ૧૭ના પેટા ખંડ (૩) હેઠળ યોજનાઓ પણ નિર્દિષ્ટ કરશે. કાયદાના અમલ માટે રાજ્ય સરકારોએ લીધેલા પગલાંઓનુ સંકલન કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની રહેશે. આ કાયદામાં નિયત કરેલા ઉદેશો સિદ્ધ કરવા માટે લીધેલા પગલાની સાથોસાથ રાજ્ય સરકારોએ લીધેલા પગલાંનો હેવાલ દર વર્ષે સંસદના બંને ગૃહો સમક્ષ રજૂ કરવાનો રહેશે. કલમ-૨માં આવરી લીધેલી બાબતો તથા કલમ-૨૩માં નિર્દિષ્ટ કરેલ સામાન્ય બાબતો સંબંધમાં નિયમો ઘડવાની જવાબદારી પણ કેન્દ્ર સરકારની રહેશે.

## (૮) જાહેર સેવકોની ખાસ જવાબદારીઓ –

આ કાયદો એ ખૂબ જ સ્પષ્ટ કરે છે કે જાહેર સેવક જયારે આ અધિનિયમની જોગવાઇ પ્રમાણે જે અત્યાચાર છે તેવો ગુનો કરે તો ઓછામાં ઓછી એક વર્ષની કેદની સજા જે કાયદામાં તેવા ગુના માટે નિયત શિક્ષા સુધી લાગુ પડશે. વધુમાં જાહેર સેવક જે કાયદા હેઠળ જરૂરી બનતી તેની ફરજો બજાવવાનું હેતુપૂર્વક ટાળે તે પણ છ માસથી ઓછી ન હોય અને એક વર્ષસુધી વધારી શકાય તેટલી મુદતની કેદની સજાને પાત્ર થશે. તેમ છતાં આ કાયદો અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્ય હોય

તેવા જાહેર સેવકને લાગુ પડશે નહિં. કોઇવાર અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિનો હોય તેવો જાહેર સેવક કોઇ અત્યાચાર કરે અથવા તેની ફરજો ટાળે તો તેની સામે સામાન્ય કાયદા હેઠળની કાર્યવાહી કરાશે અને આવા કૃત્યો માટે તેની સામે યોગ્ય શિસ્તના પગલાં લેવા માટે વહીવટી સૂચનાઓ બહાર પાડવામાં આવશે.

## (૯) કાયદા હેઠળ શિક્ષાનું પ્રમાણ

કાયદા હેઠળ છ માસથી ઓછી નહીં અને પાંચ વર્ષ સુધી વધારી શકાય તેટલી મુદતની કેદની સાથે દંડની સામાન્ય શિક્ષા છે. ખોટા પુરાવા ઉપજાવી કાઢવા, તોફાન અથવા સ્ફોટક પદાર્થ દ્વારા આગ, ગુનાના સંબંધિત પુરાવાઓ સાથે હસ્તક્ષેપ વગેરે જેવા કેટલાક ગુના માટે ૭ વર્ષ અને ૧૦ વર્ષ, જન્મટીપ અથવા દેહાંતદંડની સજા અથવા ભારતીય દંડ સંહિતાની જોગવાઇ હેઠળ જે કોઇ વધારે મોટી દંડ સહિતની નિર્દિષ્ટ થયેલી હોય તેવી શિક્ષાને પાત્ર છે. અધિનિયમની કલમ-૫ માં ગુનામાં બીજી વખતની તકસીરવાર ઠરેલ વ્યક્તિને માટે ઓછામાં ઓછી એક વર્ષની કેદની શિક્ષા ઠરાવી.

**આ ભાષાંતર અધિકૃત ભાષાંતર નથી.**

ગુજરાત સરકાર
કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૩મી ડિસેમ્બર, ૧૯૮૯

ક્રમાંકઃ આરપી/ ૧૦૮/૮૯/૩૩/૮૯/ રીસર્ચ - સંસદનો નીચેનો અધિનિયમ સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ભારત સરકાર
વિધિ અને ન્યાય મંત્રાલય
(વિધાયી વિભાગ) નવી દિલ્હી
તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૮૯
ભાદ્ર ૨૧, ૧૯૧૧ (શક)

સંસદના નીચેના અધિનિયમે સન ૧૯૮૯ના સપ્ટેમ્બર મહિનાની ૧૧મી તારીખના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી છે અને આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯
(સન ૧૯૮૯નો ૩૩મો અધિનિયમ) (૧૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯)

અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યો વિરૂદ્ધ અત્યાચારના ગુના થતા અટકાવવા માટે, આવા ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે ખાસ ન્યાયાલયો માટેની અને આવા ગુનાનો ભોગ બનેલી વ્યક્તિઓના રાહત અને પુનરૂત્થાન માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા માટેની અધિનિયમ ભારતના ગણરાજ્યના ચાળીસમા વર્ષમાં સંસદ નીચેનો અધિનિયમ કરે છે -

| |
|---|
| પ્રકરણ-૧ : પ્રારંભિક |
| પ્રકરણ-૨ |
| પ્રકરણ-૩ |
| પ્રકરણ-૪ : ખાસ ન્યાયાલયો |
| પ્રકરણ-૫ : પ્રકીર્ણ |
| અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯, ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૦ |
| અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯, ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૦ |
| અનુસૂચિત જાતિઓ (હરિજનો)ની યાદી |
| અનુસૂચિત જનજાતિઓ (આદિવાસીઓ)ની યાદી |

## પ્રકરણ-૧ : પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ

(૧) આ અધિનિયમ "અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ " કહેવાશે.

(૨) તે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય સમગ્ર ભારતને લાગુ પડશે.

(૩) તે કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા

(૧) આ અધિનિયમમાંસંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો-

(ક) "અત્યાચાર" એટલે કલમ ૩ હેઠળ શિક્ષાપાત્ર ગુનો.

(ખ) "કોડ" એટલે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

(ગ) "અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિઓ "નો અર્થ, સંવિધાનની કલમ ૩૬૬ના ખંડ (૨૪) અને ખંડ (૨૫) હેઠળ અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

(ઘ) "ખાસ ન્યાયાલય" એટલે કલમ-૧૪માં ખાસ ન્યાયાલય તરીકે નિર્દિષ્ટ કરેલ સેશન્સ ન્યાયાલય.

(ચ) "ખાસ પબ્લીક પ્રોસીકયુટર" એટલે કલમ ૧૫માં ઉલ્લેખ કરેલ ખાસ પબ્લીક પ્રોસીકયુટર અથવા એડવોકેટ તરીકે નિર્દિષ્ટ કરેલ પબ્લીક પ્રોસીકયુટર.

સન ૧૮૬૦નો ૪૫મો

(છ) આ અધિનિયમમાં વાપરેલા પણ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય અને કોડમાં અથવા ભારતના ફોજદારી અધિનિયમમાં વ્યાખ્યા કરવામાં આવી હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ યથાપ્રસંગ અનુક્રમે કોડમાં અથવા ભારતના ફોજદારી અધિનિયમમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યોછે તે જ થશે.

(૨) કોઇ કાયદા અથવા તેની કોઇ જોગવાઇ સંબંધી આ અધિનિયમાંનો કોઇ સંદર્ભ જે વિસ્તારમાં આવો કાયદો અથવા આવી જોગવાઇ અમલમાં ન હોય તે વિસ્તારના સંબંધમાં તેવિસ્તારમાં તત્સમાન કાયદો કોઇ અમલમાં હોય તો તેના સંદર્ભ તરીકે છે એમ સમજવું.

**પ્રકરણ-૨**

અત્યાચારોના ગુના અત્યાચારોના ગુનામાટેની શિક્ષા

**(૧) અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઇ વ્યક્તિ-**

1. અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને કોઇ અખાદ્ય અથવા ખરાબ પદાર્થ પીવા અથવા ખાવા માટે જબરદસ્તી કરે.
2. પ્રાણીના મળમૂત્ર, બગડી ગયેલા પદાર્થ, પશુના મડદાં અથવા અન્ય કોઇ ખરાબ પદાર્થ તેની જગામાં કે પડોશમાં ગમે ત્યાં નાંખી દઇને, અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને હાનિ, અપમાન કે ત્રાસ કરવાના આશયથી કૃત્ય કરે.
3. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિની કોઇ વ્યક્તિના શરીર પરના કપડાં બળપૂર્વક ઉતારે અથવા નગ્ન કરીને અથવા તેનો ચહેરો કે શરીર રંગીને પરેડ કરાવે અથવા તેના જેવું માનવ ગૌરવનું અપમાન થાય તેવું કોઇ કૃત્ય કરે.
4. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યની માલિકીની અથવા તેને ફાળવેલી અથવા એવા સભ્યને કોઇ યોગ્ય સત્તાધિકારીએ ફાળવવા માટે જાહેર કરેલી કોઇ જમીનનો ગેરકાયદે ભોગવટો કરે અથવા તેમાં ખેતી કરે અથવા તેને ફાળવેલી જમીન નામફેર કરાવી લે.
5. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને તેની જમીન કે જગાના કબજામાંથી ગેરકાયદે હટાવે અથવા કોઇ જમીન, જગા અથવા પાણી બાબતે તેના હક્કોના ભોગવવામાં દખલગીરી કરે.
6. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને સરકારે નિ^તિ કરેલ જાહેર હેતુઓ માટેની કોઇ

ફરજિયાત સેવા સિવાય, વેઠ અથવા તેવા પ્રકારની બીજી બળજબરીપૂર્વકની કે બંધનયુકત મજૂરી કરવાની ફરજ પાડે અથવા લલચાવે.

7. અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને કોઇ અમુક ઉમેદવારને મત ન આપવા કે આપવા અથવા કાયદાથી જોગવાઇ કરેલી હોય તે સિવાયની રીતે મત આપવા દબાણ કરે અથવા ધાકધમકી આપે.
8. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્ય સામે ખોટો, બદઇરાદાવાળો અથવા ત્રાસકારક દાવો અથવા ફોજદારી કે અન્ય કાનૂની કાર્યવાહી શરૂ કરે.
9. કોઇ રાજ્ય સેવકને ખોટી અથવા વ્યર્થ માહિતી આપે અને તે દ્વારા એવા રાજ્ય સેવકને તેની કાયદેસરની સત્તાનો ઉપયોગ, અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને હાનિ અથવા ત્રાસ આપવા માટે કરાવે.
10. લોકોની દૃષ્ટિમાં આવી જતા કોઇ સ્થળે અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યને હલકા પાડવાના આશયથી ઇરાદાપૂર્વક અપમાનિત કરે અથવા ધાકધમકી આપે.
11. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિની કોઇ સ્ત્રીને અપમાનિત કરવા કે તેની આબરૂ લેવાના ઇરાદાથી તેણીના પર હુમલો કરે કે બળપ્રયોગ કરે.
12. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિની સ્ત્રીની ઇચ્છા ઉપર આધિપત્ય ધરાવવાની સ્થિતિમાં હોવાને કારણે અને તેવી સ્થિતિનો અન્યથા તેણી સંમત થઇ ન હોત તેવી રીતે જાતીય શોષણ માટે ઉપયોગ કરે.

13. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યો સામાન્ય રીતે ઉપયોગ કરતા હોય તેવા ઝરાના, જલ સંચયના અથવા અન્ય કોઇ જલસ્થાનના પાણીને દૂષિત કરે અથવા મેલું કરે જેથી કરીને સામાન્ય રીતે તેઓ ઉપયોગ કરતા હોય તે હેતુ માટે તે પાણી ઓછું લાયક બને.
14. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યનો જાહેર આશ્રય સ્થાનમાં આવવા જવાના કોઇ રૂઢિગત હકનો ઇન્કાર કરે અથવા જે જાહેર આશ્રય સ્થાનમાં જનતાના કે તેના કોઇ ભાગના અન્ય સભ્યોને તેનો ઉપયોગ કરવાનો કે આવવા જવાનો હક હોય તે જાહેર આશ્રય સ્થાનનો ઉપયોગ કરવામાં કે આવવા-જવામાં તેને અટકાવી શકાય તે માટે તેવા સભ્યને અડચણ કરે.
15. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને તેનું ઘર, ગામ અથવા તેવી બીજી નિવાસસ્થાનની જગા છોડવા દબાણ કરે અથવા છોડાવડાવે.

તે વ્યક્તિ, છ મહિના કરતાં ઓછી નહિં પણ પાંચ વર્ષ સુધીની મુદતની કેદની અને દંડની સજાને પાત્ર થશે.

સન ૧૮૬૦નો ૪૫મો

**(૨) અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તેવી કોઇ વ્યક્તિ,**

1. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને તત્સમય પૂરતા અમલમાં હોય તેવા કાયદાથી મૃત્યુદંડના હોય તેવા ગુના બદલ દોષિ ઠરાવવાના આશયથી અથવા તેમ કરવાથી તે દોષિત ઠરવાનો સંભવ છે એમ જાણીને ખોટો પુરાવો આપે અથવા ઉભો કરે તેને આજીવન કેદની અને દંડની સજા થશે, અને જો અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ નિર્દોષ સભ્યને એવા

ખોટા અને ઉભા કરેલા પુરાવાને પરિણામે દોષિત ઠેરવવામાં આવે અને ફાંસી આપવામાં આવે તો જે વ્યક્તિ એવો ખોટો પુરાવો આપે કે ઉભો કરે તેને મોતની સજા કરવામાં આવશે.

2. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને મુદત સુધીની કેદની સજાને પાત્ર હોય તેવા ગુના બદલ દોષિત ઠરાવવાના આશયથી અથવા તેમ કરવાથી તે દોષિત ઠરવાનો સંભવ છે એમ જાણીને ખોટો પુરાવો આપે અથવા ઉભો કરે તેને છ મહિના કરતાં ઓછી નહીં તેટલી પરંતુ સાત વર્ષ કે તેથી વધુ મુદત સુધીની કેદની અને દંડની સજા થશે.
3. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યની કોઇ મિલકતને નુકશાન કરવાના ઇરાદાથી અથવા તેમ કરવાથી મિલકતને નુકશાન થશે એમ જાણીને આગથી અથવા કોઇ સ્ફોટક પદાર્થથી ઉપદ્રવ કરે તેને છ મહિના કરતાં ઓછી નહીં તેટલી પરંતુ સાત વર્ષ સુધીની કેદની અને દંડની સજા થશે.
4. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્ય સામાન્યતઃ જે મકાનનો પ્રાર્થના-પૂજાના સ્થળ તરીકે અથવા માનવ-રહેઠાણ માટેના સ્થળ તરીકે અથવા મિલકતની જાળવણી માટેના સ્થળ તરીકે ઉપયોગ કરતા હોય તે કોઇ મકાનનો નાશ કરવાના ઇરાદાથી અથવા તેમ કરવાથી તે મકાનનો નાશ થશે એમ જાણીને આગ અથવા કોઇ સ્ફોટક પદાર્થથી ઉપદ્રવ કરે તેને આજીવન કેદની અને દંડની સજા થશે.
5. અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય છે અથવા કોઇ મિલકત તેવી કોઇ વ્યક્તિની માલિકીની છે એ કારણસર તેવી વ્યક્તિ કે મિલકત

વિરૂદ્ધ, દસ વર્ષની મુદતની અથવા વધુ મુદતની કેદની સજાને પાત્ર ભારતના ફોજદારી અધિનિયમ હેઠળનો કોઇ ગુનો કરે તેને આજીવન કેદની અને દંડની સજા થશે.

6. આ પ્રકરણ હેઠળ ગુનો કરવામાં આવ્યો છે એમ જાણતા હોવા છતાં અથવા એમ માનવાને કારણ હોવા છતાં, કાનૂની સજામાંથી ગુનેગારને રક્ષણ આપવાના ઇરાદાથી તે ગુનો કર્યાનો પુરાવો નષ્ટ કરે અથવા તેના ઇરાદાથી પોતે ખોટી હોવાનું જાણતો હોય અથવા માનતો હોય તેવી ગુના સંબંધીની કોઇ માહિતી આપે તેને તે ગુના માટે ઠરાવેલી સજા થશે અથવા
7. રાજ્ય સેવક હોવા છતાં, આ કલમ હેઠળ કોઇ ગુનો કરે તેને એક વર્ષ કરતાં ઓછી નહિ તેટલી પરંતુ તે ગુના માટે

**ફરજમાં ગફલત કરવા બદલ શિક્ષા**

(૪) જે કોઇ વ્યક્તિ, રાજ્ય સેવક હોય પરંતુ અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય ન હોય તે આ અધિનિયમ હેઠળ પોતે બજાવવાનું જરૂરી હોય તેવી પોતાની ફરજોમાં જાણી બૂજીને ગફલત કરે તેને છ મહિના કરતાં ઓછી ન હોય તેટલી પરંતુ એક વર્ષ સુધીની મુદતની કેદની સજા થશે.

**ફરી વખત દોષિ ઠરવા બદલ વધુ શિક્ષા બાબત**

(૫) જે કોઇ વ્યક્તિ, આ પ્રકરણ હેઠળના ગુના માટે અગાઉ દોષિત ઠરી હોય તે દ્વિતીય ગુના અથવા દ્વિતીય ગુના પછીના કોઇ ગુના માટે દોષિત ઠરે, તેને એક વર્ષ કરતાં ઓછી નહીં તેટલી પંતુ તે ગુના માટે ઠરાવેલી શિક્ષા સુધીની મુદત માટે કેદની સજા થશે.

**ભારતના ફોજદારી અધિનિયમની અમુક જોગવાઇઓ લાગુ**

(૬) આ અધિનિયમની અન્ય જોગવાઇઓને આધીન રહીને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૩૪, પ્રકરણ-૩, પ્રકરણ-૪, પ્રકરણ-૫, પ્રકરણ-૫ ક, કલમ ૧૪૯ અને પ્રકરણ-૨૩ની જોગવાઇઓ શકય તેટલે સુધી ભારતના

પડવા બાબત સન ૧૮૬૦નો ૪૫મો

ફોજદારી અધિનિયમના હેતુઓ માટે તે લાગુ પડેછે તે રીતે આ અધિનિયમના હેતુ માટે તે લાગુ પડશે.

અમુક વ્યક્તિઓની મિલકત જપ્ત કરવા બાબત

(૭) (૧) કોઇ વ્યક્તિ આ પ્રકરણ હેઠળ સજાને પાત્ર કોઇ ગુના માટે દોષિત ઠરે ત્યારે ખાસ ન્યાયાલય, કોઇ સજાનો નિર્ણય કરવા ઉપરાંત એમજાહેર કરી શકશે કે તે ગુનો કરવામાં ઉપયોગમાં લેવાઇ હોય તેવી તે વ્યક્તિની જંગમ, સ્થાવર અથવા બંને મિલકત સરકારમાં જપ્ત થયેલી ગણાશે.

(૨) કોઇ વ્યક્તિ, આ પ્રકરણ હેઠળના ગુના પૈકી કોઇ ગુના માટે આરોપી હોય ત્યારે તેનો ઇન્સાફ કરનાર ખાસ ન્યાયાલય એવો હુકમ ફરમાવી શકશે કે તે વ્યક્તિની માલિકીની તમામ અથવા તે પૈકીની અમુક જંગમ કે સ્થાવર અથવા બંને મિલકત આવી ઇન્સાફી કાર્યવાહીની મુદત દરમિયાન ટાચમાં લેવી અને એવી ઇન્સાફી કાર્યવાહી દોષ પુરવાર કરવામાં પરિણમે ત્યારે તેવી રીતે ટાંચમાં લીધેલી મિલકત આ પ્રકરણ હેઠળ કરેલા કોઇ દંડની વસુલાતના હેતુસારૂ જરૂરી હોય તેટલે સુધી જપ્તીને પાત્ર થશે.

ગુનાઓ સંબંધી અનુમાન

(૮) આ પ્રકરણ હેઠળના ગુના માટેની ફોજદારી કાર્યવાહીમાં, એમ પુરવાર થાય કે,

(ક) આરોપીએ આ પ્રકરણ હેઠળના ગુના માટે જેના પર તહોમત હોય અથવા ગુનો કર્યાની વાજબી આશંકા હોય તેવી વ્યક્તિને કોઇ નાણાંકીય મદદ કરી હતી તો ખાસ ન્યાયાલયે, વિપરીત પુરવાર થાય નહી ત્યારે એવું અનુમાન કરવું જોઇશે કે એવી વ્યક્તિએ ગુનો કરવામાં મદદ કરી હતી.

(ખ) આ પ્રકરણ હેઠળ વ્યક્તિઓના જૂથે ગુનો કર્યો હતો અને એમ પુરવાર થાય કે કરવામાં આવેલો ગુનો, જમીન અથવા અન્ય કોઇ બાબત સંબંધીની કોઇ ચાલુ તકરારનો પારિણામિક હતો તો એમ માની લેવામાં આવશે કે સમાન

ઇરાદો પાર પાડવા અથવા સમાન ધ્યેયને અમલમાં મુકવા માટે ગુનો કરવામાં આવ્યો હતો.

સત્તા સોંપવા બાબત

(૯) (૧) કોડમાં અથવા આ અધિનિયમની અન્ય કોઇ જોગવાઇમાં ગમે તે મંજૂર હોય તે છતાં રાજ્ય સરકાર, તેમ કરવાનું આવશ્યક અથવા ઇષ્ટ ગણે તો,

(ક) આ અધિનિયમ હેઠળનો કોઇ ગુનો અટકાવવા અને નિયંત્રણમાં રાખવા માટે અથવા

(ખ) આ અધિનિયમ હેઠળના કોઇ કેસ અથવા કેસોના વર્ગ કે જૂથ માટે,

કોઇ જિલ્લામાં કે તેના ભાગમાં રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને રાજ્ય સરકારના કોઇ અધિકારીને એવા જિલ્લામાં કે તેના ભાગમાં કોડ હેઠળ અથવા યથાપ્રસંગ એવ કેસ અથવા કેસોના વર્ગ કે જૂથ માટેની પોલીસ અધિકારી વાપરી શકે તેવી સત્તા અને ખાસ કરીને ધરપકડની, જાંચની અને ખાસ ન્યાયાલય સમક્ષ વ્યક્તિઓ સામે કામ ચલાવવા માટેની સત્તા સોંપી શકશે.

(૨) પોલીસના તમામ અધિકારીઓએ અને સરકારના અન્ય તમામ અધિકારીઓએ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ કોઇ નિયમ, યોજના કે હુકમની જોગવાઇઓનો અમલ કરવામાં પેટા કલમ (૧)માં ઉલ્લેખિત અધિકારીને મદદ કરવી જોઇશે.

(૩) કોડની જોગવાઇઓ શકય હોય ત્યાં સુધી પેટા કલમ (૧) હેઠળ અધિકારીએ વાપરવાની સત્તા બાબતમાં લાગુ પડશે.

**પ્રકરણ-૩**

હદપાર કરવા બાબત ગુનો કરવાનો સંભવ હોય તે વ્યક્તિને દૂર કરવા બાબત

૧૦. (૧) ફરીયાદ અથવા પોલીસ રીપોર્ટ ઉપરથી ખાસ ન્યાયાલયને એમ ખાતરી થાય કે સંવિધાનની કલમ ૨૪૪માં ઉલ્લેખિત ""અનુસૂચિત વિસ્તારો "અથવા" આદિજાતિ વિસ્તારો"માં સમાવિષ્ટ કોઇ વિસ્તારમાં કોઇ વ્યક્તિ, આ અધિનિયમના પ્રકરણ-૨ હેઠળ કોઇ ગુનો કરે એવો સંભવ છે ત્યારે તે ન્યાયલય લેખિત હુકમ કરીને સદરહું વ્યક્તિને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વિસ્તારની હદ બહાર, તેવા માર્ગે અને તેવા સમયની અંદર જતા રહેવા માટે અને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બે વર્ષથી વધુ નહિ તેટલી મુદત સુધી જે વિસ્તારમાંથી તેને દૂર જતા રહેવાનું ફરમાવ્યું હતું તે વિસ્તારમાં પાછા નહિ ફરવા માટે ફરમાવી શકશે.

(૨) ખાસ ન્યાયાલય, પેટા કલમ (૧) હેઠળ હુકમ સાથે, તે પેટા કલમ હેઠળ ફરમાવેલ વ્યક્તિને જે કારણોસર સદરહું હુકમ કરવામાં આવેલ હોય તેનાં કારણો જણાવશે.

(૩) ખાસ ન્યાયલય, એવા હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર, જેની સામે એવો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિએ અથવા તેના વતી અન્ય કોઇ વ્યક્તિએ રજૂઆત કર્યેથી કારણોની લેખિત નોંધ કરીને, પેટા-કલમ (૧) હેઠળ કરેલ હુકમ રદ કરી અથવા સુધારી શકશે.

કોઇ વ્યક્તિ તેના વિસ્તારમાંથી દૂર ન થાય અને દૂર કર્યા પછી ફરી દાખલ થાય ત્યારે કાર્યરીતિ

૧૧. (૧) જે વ્યક્તિને કોઇ વિસ્તારમાંથી દૂર થઇ જવા કલમ ૧૦ હેઠળ ફરમાન બહાર પાડયું હોય તે પેટા-કલમ (૨) હેઠળ ખાસ ન્યાયાલયની લેખિત પરવાનગી લીધી હોય તે સિવાય

(ક) ફરમાવ્યા પ્રમાણે પોતે દૂર ન થાય અથવા

(ખ) પોતે તેવી રીતે દૂર થઇ હોય પણ હુકમમાં જણાવેલ મુદતની અંદર તેવા વિસ્તારમાં દાખલ થાય. ત્યારે ખાસ ન્યાયાલય તે વ્યક્તિની ધરપકડ કરાવશે અને પોલીસ કસ્ટડીમાં પોતે નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારની બહારના સ્થળે ખસેડશે.

(૨) ખાસ ન્યાયાલય, લેખિત હુકમ કરીને, જેના સંબંધમાં કલમ ૧૦ હેઠળ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિને, જે વિસ્તારમાંથી તેને

દૂર જવાનો આદેશ કરવામાં આવ્યો હોય તે વિસ્તારમાં સદરહું હુકમમાં જણાવવામાં આવે તેવી કામચલાઉ મુદત માટે અને તેવી શરતોને આધીન રહીને પાછા ફરવાની પરવાનગી આપી શકશે અને મુકેલી શરતોના યોગ્ય પાલન માટે જામીન સહિત કે જામીન વિનાનું બોન્ડ કરી આપવા તેને ફરમાવી શકશે.

(૩) ખાસ ન્યાયાલય કોઇપણ સમયે આવી પરવાનગી રદ કરી શકશે.

(૪) જે કોઇ વ્યક્તિ, જે વિસ્તારમાંથી તેને દૂર કરવા ફરમાવાયું હતું તે વિસ્તારમાં એવી પરવાનગીથી પાછા ફરે તે વ્યક્તિએ, તેના ઉપર મુકવામાં આવેલી શરતોનું પાલન કરવું પડશે અને જે કામચલાઉ મુદત માટે તેને પાછા ફરવાની પરવાનગી આપવામાં આવી હતી તે કામચલાઉ મુદત પુરી થયેથી અથવા આવી કામચલાઉ મુદત પૂરી થયા પહેલાં એવી પરવાનગી રદ થયેથી એવા વિસ્તારમાંથી પોતે દૂર જવું જોઇશે અને નવી પરવાનગી વિના, કલમ ૧૦ હેઠળ નિર્દિષ્ટ કરેલ, પૂરી નહિ થયેલી બાકીની મુદતની અંદર તે વિસ્તારમાં દાખલ થવું જોઇશે નહીં.

(૫) જો કોઇ વ્યક્તિ, મુકવામા આવેલી કોઇ શરતોનું પાલન કરવામાં અથવા તદ્નુસાર પોતે દૂર થવામાં ચૂક કરે અથવા તેવી રીતે પોતે દૂર થઇ હોવા છતાં નવી પરવાનગી વિના એવા વિસ્તારમાં દાખલ થાય અથવા પાછી ફરે તો ખાસ ન્યાયાલય, તેની ધરપકડ કરાવશે અને પોલીસ કસ્ટડીમાં પોતે નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારની બહાર આવેલા સ્થળે તેને ખસેડાવશે.

જેની વિરૂદ્ધ કલમ ૧૦ હેઠળ હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિઓના માપ અને ફોટોગ્રાફ વગેરે લેવા બાબત

૧૨. (૧) કલમ ૧૦ હેઠળ જેની વિરૂદ્ધ હુકમ કરવામાં આવ્યો હોય તે દરેક વ્યક્તિએ, ખાસ ન્યાયાલયને આવશ્યક લાગે તો પોલીસ અધિકારી મારફતે પોતાના માપ અને ફોટોગ્રાફ લેવા દેવા જોઇશે.

(૨) પેટા કલમ(૧)માં ઉલ્લેખેલી વ્યક્તિને પોતાના માપ કે ફોટોગ્રાફ લેવડાવવાની ફરજ પાડવામાં આવી હોય ત્યારે એવા માપ કે ફોટોગ્રાફ લેવા દેવામાં પ્રતિકાર કરે અથવા ઇન્કાર કરે ત્યારે તે લેવા માટે જરૂરી તમામ ઉપાયો યોજવામાં આવે તે કાયદેસર ગણાશે.

| | |
|---|---|
| સન ૧૮૬૦નો ૪૫મો | (૩) પેટા કલમ (૨) હેઠળ માપ કે ફોટોગ્રાફ લેવામાં પ્રતિકાર કે ઇન્કાર કરવો તે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૬ હેઠળ ગુનો ગણાશે. |
| | (૪) કલમ ૧૦ હેઠળનો હુકમ ઉઠાવી લેવામાં આવે ત્યારે પેટા કલમ (૨) હેઠળ લેવામાં આવેલ તમામ માપ અને (નેગેટીવ સહિત) ફોટોગ્રાફનો નાશ કરવો અથવા જેની વિરૂદ્ધ એવો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિને આપી દેવા. |
| કલમ ૧૦ હેઠળના હુકમના અપાલન માટે શિક્ષા | ૧૩. કલમ ૧૦ હેઠળ ખાસ ન્યાયાલયના હુકમનું ઉલ્લંઘન કરનાર કોઇ વ્યક્તિ, એક વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાને પાત્ર થશે. |

**પ્રકરણ-૪ : ખાસ ન્યાયાલયો**

| | | |
|---|---|---|
| ખાસ ન્યાયાલય | ૧૪. | ઝડપી ઇન્સાફી કાર્યવાહીના હેતુ માટે રાજ્ય સરકાર, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી, રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને દરેક જિલ્લા માટે સેશન્સ ન્યાયલયને આ અધિનિયમ હેઠળના ગુનાની કાર્યવાહી કરવા માટેના ખાસ ન્યાયાલય તરીકે નિર્દિષ્ટ કરશે. |
| ખાસ પબ્લિક પ્રોસિકયુટર | ૧૫. | દરેક ખાસ ન્યાયાલય માટે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને, તે ન્યાયાલયમાંના કેસો ચલાવવાના હેતુ માટે પબ્લિક પ્રોસીકયુટર નિર્દિષ્ટ કરશે અથવા ખાસ પબ્લીક પ્રોસીકયુટર તરીકે સાત વર્ષ કરતાં ઓછી ન હોય તેટલી મુદત સુધી એડવોકેટ તરીકે પ્રેકટીસ કરતા હોય તેવા એડવોકેટને નીમશે. |

**પ્રકરણ-૫ : પ્રકીર્ણ**

સામૂહિક દંડ નાંખવાની રાજ્ય સરકારની સત્તા કાયદો અને વ્યવસ્થાતંત્રે અટકાયતી પગલાં લેવા બાબત
સન ૧૯૫૫નો ૨૨મો

૧૬. નાગરિક હક રક્ષણ અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૧૦-કની જોગવાઇઓ, શકય હોય ત્યાં સુધી સામૂહિક દંડ નાખવા અને વસૂલ કરવાના હેતુ માટે અને અધિનિયમ હેઠળ તે સાથે સંકળાયેલી અન્ય તમામ બાબતો માટે લાગુ પડશે.

૧૭. (૧) જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અથવા બીજા કોઇ એકઝીકયુટી મેજિસ્ટ્રેટ અથવા નાયબ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ પોલીસ અધિકારીને માહિતી મળતાં અને પોતાને યોગ્ય જણાય તેવી તપાસ કર્યા પછી, એમ માનવાને કારણ હોય કે પોતાની હકુમતમાંની સ્થાનિક હદોમાંના કોઇ સ્થળમાં રહેતી અથવા અવારનવાર મુલાકાત લેતી અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિની ન હોય તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓનું જૂથ આ અધિનિયમ હેઠળનો ગુનો કરે તેવો સંભવ છે અથવા તેણે કોઇ ગુનો કરવાની ધમકી આપી છે અને પોતાનો એવો અભિપ્રાય હોય કે કાર્યવાહી કરવા માટે પૂરતાં કારણ છે ત્યારે એવા વિસતારને અત્યાચારના વલણવાળા વિસ્તાર તરીકે તે જાહેર કરી શકશે અને શાંતિ તથા સદવર્તન રાખવા અને જાહેર વ્યવસ્થા તથા પ્રશાન્ત વાતાવરણની જાળવણી માટે જરૂરી કાર્યવાહી કરી શકશે અને પ્રતિબંધક પગલાં લઇ શકશે.

(૨) કોડના પ્રકરણો ૮, ૧૦ અને ૧૧ની જોગવાઇઓ શકય હોય તેટલે સુધી પેટા કલમ (૧)ના હેતુઓ માટે લાગુ પડશે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને એવી એક અથવા વધુ યોજના ઘડી શકશે કે જેમાં અત્યાચાર અટકાવવા માટે અને અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યોમાં સલામતીની લાગણી પુનઃસ્થાપિત કરવા માટે પેટાકલમ (૧)માં ઉલ્લેખેલ અધિકારીઓએ એ

યોજના કે યોજનાઓમાં નિર્દિષ્ટ કરેલાં યોગ્ય પગલાં લેવાં જોઇએ તે અંગેની રીત નિર્દિષ્ટ કરી હોય.

**આ અધિનિયમ હેઠળ ગુનો કરતી વ્યક્તિઓને કોડની કલમ ૪૩૮ લાગુ નહિ પાડવા બાબત**

૧૮. કોડની કલમ ૪૩૮નો કોઇ મજકૂર આ અધિનિયમ હેઠળ ગુનો કર્યાના તહોમત ઉપરથી કોઇ વ્યક્તિની ધરપકડ માટેની સંડોવણી થતી હોય તેવા કોઇ કેસના સંબંધમાં લાગુ પડશે નહીં.

**સન ૧૯૫૮નો ૧૯ ૨૦મો કોડની કલમ ૩૬૦ અથવા ગુનેગાર પ્રોબેશન અધિનિયમની જોગવાઇઓ આ અધિનિયમ હેઠળના ગુના બદલ દોષિત વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧૯. કોડની કલમ ૩૬૦ની જોગવાઇઓ અને ગુનેગાર પ્રોબેશન અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઇઓ આ અધિનિયમ હેઠળનો ગુનો કરવા બદલ દોષિત જણાયેલ અઢાર વર્ષથી ઉપરની ઉંમરની કોઇ વ્યક્તિને લાગુ પડશે નહીં.

**આ અધિનિયમ અન્ય કાયદાઓ કરતાં સર્વોપરિ રહેશે**

૨૦. આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, તત્સમય પૂરતા અમલમાં હોય તેવા અન્ય કોઇ કાયદામાં તેની સાથે અસંગત કોઇપણ મંજૂર હોય અથવા એવા કોઇ કાયદાની રૂએ અમલમાં હોય તેવા કોઇ રિવાજ, પ્રથા અથવા કોઇ લેખ હોય તે છતાં, આ અધિનિયમની જોગવાઇઓ અમલી બનશે.

**અધિનિયમનો અસરકારક અમલ સુનિ^તિ કરવાની સરકારની ફરજ**

૨૧. (૧) કેન્દ્ર સરકાર આ અર્થે કરે તેવા નિયમોને આધીન રહીને રાજ્ય સરકારે આ અધિનિયમના અસરકારક અમલ માટે જરૂરી હોય તેવા પગલાં લેવા જોઇશે.

(૨) ખાસ કરીને અને ઉપર જણાવેલી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા વિના આવા પગલાંમાં નીચેનો સમાવેશ થશે.

(૧) અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓ ન્યાય મેળવી શકે તે માટે કાનૂની સહાય સમેત પૂરતી સગવડો માટેની જોગવાઇ.

(૨) આ અધિનિયમ હેઠળ ગુનાની તપાસ અને ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન, અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિ સહિત, સાક્ષીઓના મુસાફરી અને ખોરાકી ખર્ચ માટેની જોગવાઇ.

(૩) અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિઓના આર્થિક અને સામાજિક પુનરૂત્થાન માટેની જોગવાઇ.

(૪) આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરવા અંગેની ફરીયાદી કાર્યવાહી ઉપર દેખરેખ શરૂ કરવા અને રાખવા માટે અધિકારીઓની નિમણૂંક

(૫) એવા પગલાં લેવાની ગોઠવણ કરવામાં અને અમલ કરવામાં રાજ્ય સરકારને સહાય કરવા માટે તે સરકારને યોગ્ય લાગે તેવી યોગ્ય કક્ષાએ સમિતિઓની રચના.

(૬) આ અધિનિયમની જોગવાઇઓનો વધુ સારો અમલ કરવા માટેના પગલાંનું સૂચન કરવાની દૃષ્ટિએ આ અધિનિયમની જોગવાઇઓની કાર્યરીતિની મુદતે મુદતે મોજણી માટેની જોગવાઇ.

(૭) જયાં અનુસૂચિત જાતિના અથવા અનુસૂચિત આદિજાતિના સભ્યો અત્યાચારનો ભોગ બનવાનો સંભવ હોય તે વિસ્તારોની ઓળખ અને એવા સભ્યોની સલામતી નિ^તિ કરી શકાય તેવા પગલાં લેવા બાબત.

(૩) પેટા કલમ (૧) હેઠળ રાજ્ય સરકારોએ લીધેલાં પગલાંના સંકલન માટે જરૂરી હોય તેવા પગલાં કેન્દ્ર સરકાર લેશે.

(૪) કેન્દ્ર સરકારે આ કલમની જોગવાઇઓ અનુસાર પોતે અને રાજ્ય સરકારોએ લીધેલાં પગલાં ઉપરનો રીપોર્ટસંસદના દરેક ગૃહના મેજ ઉપર મુકવો જોઇશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાં અંગે રક્ષણ

આ અધિનિયમ હેઠળ શુદ્ધ બુદ્ધિથી કરેલા કે કરવા ધારેલા કોઇ કાર્ય માટે, કેન્દ્ર સરકારની સામે અથવા રાજ્ય સરકારની સામે, અથવા સરકારના કોઇ અધિકારી અથવા કોઇ સત્તાધિકારી અથવા કોઇપણ બીજી વ્યક્તિ સામે કોઇ દાવો, ફરીયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહીં.

નિયમો કરવાની સત્તા

૨૩. (૧) કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમના હેતુઓ અમલમાં લાવવા માટે નિયમો કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા દરેક નિયમને, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે સંસદના દરેક ગૃહ, સમક્ષ એક જ સત્રમાં અથવા લાગલગાટ

બે અથવા વધારે સત્રોમાં મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી મુકવો જોઇશે અને જે સત્રમાં એ નિયમ એ રીતે મુકવામાં આવ્યો હોય તે સત્ર અથવા ઉપર્યુકત લાગલગાટ સત્રો પછીનું તરતનું સત્ર પુરૂ થતાં પહેલાં બન્ને ગૃહોને નિયમોમાં કોઇ ફેરફાર કરવા સંમત થાય અથવા બંને ગૃહો એમ સંમત થાય કે તે નિયમ કરવો જોઇએ નહિં તો, તે નિયમ ત્યાર પછી, યથાપ્રસંગ, એવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહીં પણ એવો ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે નિયમ હેઠળ અગાઉ કરેલા કોઇ કાર્યની કાયદેસરતાને બાધ આવશે નહીં.

**Notification**
**Under**

**THE SCHEDULED CASTES AND SCHEDULED TRIBES (PREVENTION OF ATROCITIES) ACT, 1989**

**અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ**

**જાહેરનામું**

**સમાજકલ્યાણ વિભાગ,**

**સચિવાલય, ગાંધીનગર**

**૩૦મી જાન્યુઆરી, ૧૯૯૦**

**અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.**

ક્રમાંક - જીએચ/ એલ/૨/૯૦/એચએસએલ/૧૦૮૯/આઇ/(૮) એચ.સેલ-અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (સન ૧૯૮૯ના ૩૩મા)ની કલમ ૧૪થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨ માં જણાવેલ સેશન્સ કોર્ટને સદરહું અધિનિયમ હેઠળના ગુના ચલાવવા માટે સદરહું અનુસૂચિના કોલમ ૩માં તેમના દરેકની સામે જણાવેલ જિલ્લા માટેની સ્પેશ્યિલ કોર્ટ તરીકે, નિર્દિષ્ટ કરે છે.

**અનુસૂચિ**

| **અનુ ક્રમાંક** 1 | **સેશન્સ કોર્ટ** ૨ | **જિલ્લો** ૩ |
|---|---|---|
| 1. | સેશન્સ કોર્ટ, અમદાવાદ | શહેર સેશન્સ ડિવિઝન, અમદાવાદ |
| ૨. | સેશન્સ કોર્ટ, અમદાવાદ (રૂરલ) અમદાવાદ ખાતે | સેશન્સ ડિવિઝન, અમદાવાદ (રૂરલ) અમદાવાદ ખાતે |
| ૩. | સેશન્સ કોર્ટ, અમરેલી | સેશન્સ ડિવિઝન, અમરેલી |
| ૪. | સેશન્સ કોર્ટ, ભાવનગર | સેશન્સ ડિવિઝન, ભાવનગર |
| ૫. | સેશન્સ કોર્ટ, ભરૂચ | સેશન્સ ડિવિઝન, ભરૂચ |

| | | |
|---|---|---|
| ૬. | સેશન્સ કોર્ટ, બનાસકાંઠા પાલનપુર ખાતે | સેશન્સ ડિવિઝન, બનાસકાંઠા પાલનપુર ખાતે |
| ૭. | સેશન્સ કોર્ટ, જૂનાગઢ | સેશન્સ ડિવિઝન, જૂનાગઢ |
| ૮. | સેશન્સ કોર્ટ, જામનગર | સેશન્સ ડિવિઝન, જામનગર |
| ૯. | સેશન્સ કોર્ટ, કચ્છ-ભૂજ ખાતે | સેશન્સ ડિવિઝન, કચ્છ-ભૂજ ખાતે |
| ૧૦. | સેશન્સ કોર્ટ, ખેડા-નડિયાદ ખાતે | સેશન્સ ડિવિઝન, ખેડા-નડીયાદ ખાતે |
| ૧૧. | સેશન્સ કોર્ટ, મહેસાણા | સેશન્સ ડિવિઝન, મહેસાણા |
| ૧૨. | સેશન્સ કોર્ટ, પંચમહાલ ગોધરા ખાતે | સેશન્સ ડિવિઝન, પંચમહાલ ગોધરા ખાતે |
| ૧૩. | સેશન્સ કોર્ટ, રાજકોટ | સેશન્સ ડિવિઝન, રાજકોટ |
| ૧૪. | સેશન્સ કોર્ટ, સુરત | સેશન્સ ડિવિઝન, સુરત |
| ૧૫. | સેશન્સ કોર્ટ, સુરેન્દ્રનગર | સેશન્સ ડિવિઝન, સુરેન્દ્રનગર |
| ૧૬. | સેશન્સ કોર્ટ, સાબરકાંઠા હિંમતનગર ખાતે | સેશન્સ ડિવિઝન, સાબરકાંઠા હિંમતનગર ખાતે |
| ૧૭. | સેશન્સ કોર્ટ, વડોદરા | સેશન્સ ડિવિઝન, વડોદરા |
| ૧૮. | સેશન્સ કોર્ટ, વલસાડ નવસારી ખાતે | સેશન્સ ડિવિઝન, વલસાડ નવસારી ખાતે |

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**એચ. વી. પટેલ**
**સરકારના ઉપસચિવ**

**NOTIFICATION**
**Legal Department**
**Schivalaya, Gandhinagar**
**Dated the 31 Jan, 1990**

**THE SCHEDULED CASTE AND SCHEDULED TRIBES (PREEVENTION OF ATROCITIES) ACT, 1989**

No. APT/3390-GK/03/H :- In exercies of the powers conferred by section 15 of the Scheduled Castes and the Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989 (33 of 1989), the Government of Gujarat hereby specifies each of the Puiblic Prosecutors mentioned in column 2 of the Schedule annexed hereto as the Special Public Prosecutor for the purpose of conducting cases in the Special Court mentioned against him in column 3 of the said Schedule.

**SCHEDULE**

| Sr.No.<br>1 | Public Preosecutors<br>2 | Special Courts<br>3 |
|---|---|---|
| 1 | Public Prosecutor, Ahmedabad<br>City, in his absences, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court,<br>Ahmedabad |
| 2 | Public Prosecutor, Ahmedabad<br>District, (Rural) Mirzapur,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court,<br>Ahmedabad (Rural) |
| 3 | Public Prosecutor, Amreli District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court, Amreli |
| 4 | Public Prosecutor, Bharuch District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court,<br>Bharuch |
| 5 | Public Prosecutor, Bhavnagar District, in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court,<br>Bhavnagar |
| 6 | Public Prosecutor, Panchmahals District, in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court Panchmahals at Godhra |
| 7 | Public Prosecutor, Sabarkantha District, in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court Sabarkantha at Himatnagar |
| 8 | Public Prosecutor, Jamnagar District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court,<br>Jamnagar |
| 9 | Public Prosecutor, Junagadh District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court, Junagadh |
| 10 | Public Prosecutor, Kheda District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court Kheda<br>at Nadiad |
| 11 | Public Prosecutor, Kachchh District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court<br>Kachchh at Bhuj |

| | | |
|---|---|---|
| 12 | Public Prosecutor, Mehsana District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court,<br>Mehsana |
| 13 | Public Prosecutor, Banaskantha District, in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court, Banaskantha at Palanpur |
| 14 | Public Prosecutor, Rajkot District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court,<br>Rajkot |
| 15 | Public Prosecutor, Surat District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court, Surat |
| 16 | Public Prosecutor, Surendranagar District, in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court,<br>Surendranagar |
| 17 | Public Prosecutor, Valsad District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court, Valsad at Navsari |
| 18 | Public Prosecutor, Vadodara District,<br>in his absence, Addl. Public Prosecutor, next senior to P.P. | Special Court,<br>Vadodara |

By order and in the name of the Governor of Gujarat.

**P. B. Raval**
Deputy Secretary to Government

To,
1. The Secretary to Governor, Rajbhavan, Gandhinagar (By letter)
2. All the Public Prosecutor
3. All District and Session Juges.

**અનુસૂચિત જાતિઓ (હરિજનો)ની યાદી**

| | |
|---|---|
| 1. | અગેર |
| ૨. | બાકડ, બાન્ટ |
| ૩. | બાવા-ઢેડ, ઢેડ-સાધુ |
| ૪. | ભાંબી, ભાંભી, અસાદરૂ, અસોડી, ચામડીયા, ચમાર, ચાંભાર, ચામગર, હરાલાય્યા, હરાલી, ખાલપા, માચીગર, મોચીગર, મદાર, માદીગ, મોચી, નાલિયા, તેલુગુમોચી, કામટીમોચી, રાનીગર, રોહીદાસ, રોહિત, સામગર |
| ૫. | ભંગી, મહેતર, ઓળગણા, રૂખી, મલકાણા, હલાલખોર, લાલબેગી, બાલ્મીકી, કોરારઝાડમલ્લી |
| ૬. | ચલવાડી, ચન્નયિયા |
| ૭. | ચેનાદસાર, હોલાયા દસાર |
| ૮. | ડાંગસિયા |
| ૯. | ઢોર, કક્કાયા, કંકયયા |
| ૧૦. | ગરમાતંગ |
| ૧૧ | ગરોડા, ગરો |
| ૧૨. | હલીર |
| ૧૩. | હલસર, હસલર, હુલાસ્વર, હલસ્વ. |
| ૧૪. | હોલાર, વલ્હાર |
| ૧૫. | હોલાયા, હોલેર |
| ૧૬. | લીંગાદેર |
| ૧૭. | મહાર, તરાલો, ઢેગુમેગુ |
| ૧૮. | માહયાવંશી, ઢેડ, વણકર, મારૂવણકર, અંત્યજ |
| ૧૯. | માંગ, માતંગ, મીનીમાડીંગ |

| | |
|---|---|
| ૨૦. | માંગ-ગારૂડી |
| ૨૧. | મેઘવાળ, મેંધવાર |
| ૨૨. | મુકરી |
| ૨૩. | નાડીયા, હાડી |
| ૨૪. | પાસી |
| ૨૫. | સેનવા, શેનવા, ચેનવા, સેડમા, રાવત |
| ૨૬. | શેમાલિયા |
| ૨૭. | થોરી |
| ૨૮. | તીરગર, તીરબંદા |
| ૨૯. | તૂરી |
| ૩૦. | તૂરીબારોટ, ઢેડબારોટ |

**અનુસૂચિત જનજાતિઓ (આદિવાસીઓ)ની યાદી**

| | |
|---|---|
| 1. | બરડા |
| ૨. | બાવચા, બામચા |
| ૩. | ભરવાડ (આલેચ, ગિર અને બરડા જંગલના નેસ વિસ્તારમાં) |
| ૪. | ભીલ, ભીલગરાસિયા, ઢોલીભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસિયા, મેવાસી ભીલ, રાવળ ભીલ, તડવીભીલ, ભાગલીયા, ભીલાલા, પવાર (Pawra) વસાવા, વસાવે. |
| ૫. | ચારણ (આલેચ, બરડા, અને ગીરના જંગલના નેસ વિસ્તારમાં) |
| ૬. | ચૌધરી (સુરત અને વલસાડ જિલ્લામાં) |
| ૭. | ચૌધરી |
| ૮. | ધાનકા, તડવી, તેતરીયા, વાલવી |
| ૯. | ઢોડિયા |
| ૧૦. | દુબળા, તલાવિયા, હળપતિ |
| ૧૧. | ગામિત, ગામટા, ગાવિત, માવચી, પડવી |
| ૧૨. | ગોન્ડ, રાજગોન્ડ |
| ૧૩. | કાથોડી, કાતકરી, ઢોર કાથોડી, ઢોર કાતકરી, સોન કાથોડી, સોન કાતકરી. |
| ૧૪. | કોકણા, કોકણી, કુકણા |
| ૧૫. | કોળી (કચ્છ જિલ્લામાં) |
| ૧૬. | કોળી ઢોર, ટોકરે કોળી, કોલચા, કોલઘા |
| ૧૭. | કણબી (ડાંગ જિલ્લો) |
| ૧૮. | નાયકડા, નાયકા, ચોલીવાલાનાયકા, કાપડિયાનાયકા, મોટાનાયકા, નાનાનાયકા. |
| ૧૯. | પઢાર |
| ૨૦. | પારધી (કચ્છ જિલ્લો) |

| | |
|---|---|
| ૨૧. | પારધી, અડવી, ચીંથર, ફણસે પારધી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા સિવાયના) |
| ૨૨. | પટેલીયા |
| ૨૩ | પોમલા |
| ૨૪. | રબારી (આલેચ, બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં) |
| ૨૫. | રાઠવા |
| ૨૬. | સીદી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં) |
| ૨૭. | વાધરી (કચ્છ જિલ્લો) |
| ૨૮. | વાર્લી |
| ૨૯. | વીટોળીયા, કોટવાળીઆ, બરોડિયા. |